## અગ્ર સચિવશ્રી(સા.ન્યા) ના અધ્યક્ષપદે તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ ૦૩:૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪ માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે તજજ્ઞ સમિતિની બેઠક અગ્ર સચિવશ્રી(સા.ન્યા.) ની અધ્યક્ષતામાં તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ ૦૩:૩૦ કલાકે મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષર-૧ મુજબ છે. ઉપસ્થિત અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

**<u>એજન્ડા નં.૧:-</u>** મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકનાં ૦૨ સંવર્ગોમાં અગાઉ નિયત કરેલ દિવ્યાંગતાના પ્રકારની સમીક્ષા કરવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

**<u>કાર્યવાહી:</u>** મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકનાં ૦૨ સંવર્ગોની કામગીરીને ધ્યાને લઇ, સમીક્ષાને અંતે નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકનાં ૦૨ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | a | b | c | d & e | a | b | c | d & e |
| ૧ | પ્રોગ્રામ અધિકારી | ૧ | ૫૯ | LV | HH | OA, BA, OL, OAL, BLA, BLOA, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD(a to d) | LV (40-70%) | HH (40-70%) | OA, BA, OL, OAL, BLA, BL, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD(a to d) |
| ૨ | બાળ વિકાસ યોજનઅધિકારી | ૨ | ૪૪૮ | LV | HH | OA, BA, OL, OAL, BLA, BLOA, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD(a to d) | LV (40-70%) | HH (40-70%) | OA, BA, OL, BL, OAL, BLA, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD(a to d) |

**<u>એજન્ડા નં.૨:-</u>** મહેસૂલ વિભાગ હસ્તકનાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨ સંવર્ગમાં નિયત કરેલ દિવ્યાંગતાની કેટેગરીમાં સુધારો કરવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

**<u>કાર્યવાહી:-</u>** મહેસૂલ વિભાગ હસ્તકનાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨ સંવર્ગની કામગીરી, ફીડર કેડર તેમજ બઢતીની કેડરમાં નિયત થયેલ દિવ્યાંગતાને ધ્યાને લઇ નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

**મહેસુલ વિભાગ હસ્તકનાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨ સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | a | b | c | d & e | a | b | c | d & e |
| ૧ | સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ | 3 | ૧૭૦ | LV | HH | OA, OL, BL, OAL, Dw, AAV, MDy, SD, SI | - | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD, SI | ASD(M), SLD, MI(40-70%), MD(40-70%) |
| ૨ | સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨ | 3 | ૨૭૪ | LV | HH | OA, OL, BL, OAL, Dw, AAV, MDy, SD, SI | - | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD, SI | ASD(M), SLD, MI(40-70%), MD(40-70%) |

**<u>એજન્ડા નં.૩:-</u>** મહેસૂલ વિભાગ હસ્તકનાં ૦૩ સંવર્ગોમાં અત્રેનાં વિભાગનાં તા.૦૯/૦૬/૨૦૨૩ તથા તા.૧૧/૧૦/૨૦૨૩ નાં ઠરાવથી BA/BL માટે લાગુ કરેલ જોગવાઇમાંથી મુક્તિ આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

<u>કાર્યવાહી</u>:- મહેસૂલ વિભાગ હસ્તકનાં જમીન દફતર ખાતાનાં ડી.આઇ.એલ.આર.(વર્ગ-૨), સિનિયર સર્વેયર(વર્ગ-૩) અને સર્વેયર(વર્ગ-૩) સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયાને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને Both Arm(BA) અથવા Both Leg(BL) માંથી મુક્તિ માટેની દરખાસ્ત નામંજૂર કરી અત્રેનાં વિભાગનાં તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ નાં ઠરાવો મુજબની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવેલ.

**<u>એજન્ડા નં.૪:-</u>** ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરીનાં ૦૭ સંવર્ગોમાં અત્રેનાં વિભાગનાં તા.૦૯/૦૬/૨૦૨૩ તથા તા.૧૧/૧૦/૨૦૨૩ નાં ઠરાવથી BA/BL માટે લાગુ કરેલ જોગવાઇમાંથી મુક્તિ આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરીનાં ૦૭ સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયાને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને Both Arm(BA) અથવા Both Leg(BL) માંથી મુક્તિ માટેની દરખાસ્ત નામંજૂર કરી અત્રેનાં વિભાગનાં તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ નાં ઠરાવો મુજબની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવેલ.

**એજન્ડા નં.૫:-** વન અને પર્યાવરણ વિભાગ હસ્તકનાં ૦૬ સંવર્ગોમાં અત્રેના વિભાગનાં તા.૧૭/૦૯/૨૦૨૨, તા.3૦/૧૨/૨૦૨૨(SD-SI) તેમજ તા.૦૯/૦૬/૨૦૨૩, તા.૧૧/૧૦/૨૦૨૩(BA-BL) ના પરિપત્રો/ઠરાવથી SD-SI અને BA-BL માટે થયેલ જોગવાઇઓમાંથી મુક્તિ આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- વન અને પર્યાવરણ વિભાગ હસ્તકનાં ૦૬ સંવર્ગોની ભરતી પ્રક્રિયા તેમજ તેઓની કામગીરીને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને ૦૬ સંવર્ગોમાં અત્રેના વિભાગનાં તા.૧૭/૦૯/૨૦૨૨, તા.3૦/૧૨/૨૦૨૨(SD-SI) તેમજ તા.૦૯/૦૬/૨૦૨૩, તા.૧૧/૧૦/૨૦૨૩(BA-BL) ના પરિપત્રો/ઠરાવથી SD-SI અને BA-BL માટે થયેલ જોગવાઇઓમાંથી મુક્તિ આપવામાં આવેલ.

**એજન્ડા નં.૬:-** વન અને પર્યાવરણ વિભાગ હસ્તકનાં કાયદા અધિક્ષક,વર્ગ-૨ માં નિયત કરેલ દિવ્યાંગતામાંથી BLA કેટેગરી રદ કરવાની તેમજ Spinal Deformity (SD) અને Spinal Injury (SI) કેટેગરીનો સમાવેશ કરવામાંથી મુકિત આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- વન અને પર્યાવરણ વિભાગ હસ્તકનાં કાયદા અધિક્ષક,વર્ગ-૨ સંવર્ગની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ ભારત સરકાર દ્વારા સમાન પ્રકારનાં સંવર્ગમાં નિયત કરવામાં આવેલ દિવ્યાંગતાને વિચારણામાં લઇ કાયદા અધિક્ષક,વર્ગ-૨ સંવર્ગમાં BLA કેટેગરી રદ કરવાની તેમજ Spinal Deformity (SD) અને Spinal Injury (SI) કેટેગરીનો સમાવેશ કરવામાંથી મુકિત આપવા માટેની દરખાસ્તને નામંજૂર કરવામાં આવેલ.

**એજન્ડા નં.૭:-** સામાન્ય વહીવટ વિભાગ હસ્તકનાં ગુજરાત આંકડાકીય સેવાના નિયામક,વર્ગ-૧ સંવર્ગમાં દિવ્યાંગતા નિયત કરવામાંથી મુક્તિ આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- સામાન્ય વહીવટ વિભાગ હસ્તકનાં ગુજરાત આંકડાકીય સેવાના નિયામક,વર્ગ-૧ સંવર્ગની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ ફીડર કેડરોમાં નિયત કરેલ દિવ્યાંગતાને લઇને નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગ હસ્તકનાં ગુજરાત આંકડાકીય સેવાના નિયામક,વર્ગ-૧ સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | a | b | c | d & e | a | b | c | d & e |
| ૧ | નિયામક | ૧ | ૪ | Exemption | | | | B, LV | D, HH | OA, OL, BA, CP, LC, Dw, AAV, SD, SI, BL* | ASD(M), MI(40-70%), MD(40-70%) |

(*અત્રેનાં વિભાગનાં તા.૦૯/૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ની ઠરાવની જોગવાઇઓને આધારે)

**એજન્ડા નં.૮**:- પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ હસ્તકનાં લેબોરેટરી ટેકનીશિયન, જુનીયર ફાર્માસીસ્ટ, સ્ટાફ નર્સ અને ફિમેલ હેલ્થ વર્કર સંવર્ગમાં માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારમાં "OA(One Arm)" ની દિવ્યાંગતા લાગુ પાડવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- આજ રોજ તા.૩૦/૦૪/૨૦૨૫ ની તજજ્ઞ સમિતિની બેઠકમાં જરૂરી વિગતો સહ હાજર રહેવા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગને અત્રેના તા.૨૫/૦૪/૨૦૨૫ નાં પત્રથી જણાવેલ હતું. પરંતુ પંચાયત વિભાગમાંથી કોઇ હાજર ન રહેતા સદરહુ એજન્ડામાં વિભાગ શું સ્પષ્ટતા મેળવવા માંગે છે તે સ્પષ્ટ થઇ શકેલ નહિ અને તેના પર કોઇ વિચારણા થઇ શકેલ નથી.

**એજન્ડા નં.૯**:- બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હસ્તકનાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકનાં ૦૨ સંવર્ગોમાં દિવ્યાંગતામાંથી મુક્તિ આપવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હસ્તકનાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકનાં એન્જિનિયર સર્વેયર,વર્ગ-૧ અને ટાઇડ વોચર,વર્ગ-3 સંવર્ગમાં WPIL-46/2023 અન્વયે નામ.ગુજરાત હાઇકોર્ટનાં હુકમ મુજબ દિવ્યાંગ અનામતની ઘટની જગા ભરવાની રહેતી હોવાથી અગાઉ નિયત કર્યા મુજબની દિવ્યાંગતા યથાવત રાખવામાં આવે છે.

**એજન્ડા નં.૧૦**:- નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનાં જળ સંપત્તિ પ્રભાગનાં જે-તે સંવર્ગોની કામગીરી સાથે સામ્યતા ધરાવતા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરીનાં ૦૯ સંવર્ગોમાં સમાન પ્રકારની દિવ્યાંગતા નિયત કરવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી:- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરીનાં ૦૯ સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સમાન પ્રકારનાં સંવર્ગો માટે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના

જળસંપત્તિ પ્રભાગના સમાન પ્રકારના સંવર્ગોમાં નિયત થયેલ દિવ્યાંગતા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરીનાં ૦૯ સંવર્ગોમાં લાગુ પાડવા મંજૂરી આપવામાં આવેલ છે.

**નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકનાં ૦૯ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | a | b | c | d & e | a | b | c | d & e |
| ૧ | કાર્યપાલક ઇજનેર (સિવિલ) | ૧ | ૨૨ | B, LV | D, HH | OA, OL, CP, LC, Dw, AAV SD, SI, BL*, BA* | ASD(M), ID, SLD, MI, MD(40-70% | B, LV | D, HH | OA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | ASD(M), ID, SLD, MI, MD(40-70%) |
| ૨ | નાયબ કાર્યપાલક ઇજનેર (સિવિલ) | ૨ | ૭૦ | B, LV | D, HH | OA, OL, CP, LC, Dw, AAV SD, SI, BL*, BA* | ASD(M), ID, SLD, MI, MD(40-70% | B, LV | D, HH | OA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | ASD(M), ID, SLD, MI, MD(40-70%) |
| 3 | મદદનીશ ઇજનેર (સિવિલ) | ૨ | ૭૧૨ | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD SI, BL*, BA* | SLD, MI, MD | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI, MD |
| ૪ | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | 3 | ૪૦૫ | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD SI, BL*, BA* | SLD, MI, MD | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI, MD |
| ૫ | કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) | ૧ | ૫ | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD SI, BL*, BA* | SLD, MI, MD | - | D, HH | OA, OL, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI, MD |
| ૬ | નાયબ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) | ૨ | ૪૨૨ | - | D, HH | OA, OL, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI(40-70%), MD(40-70% | - | D, HH | OA, OL, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI(40-70%), MD(40-70%) |
| ૭ | મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૨ | ૪૨૨ | - | D, HH | OA, OL, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI(40-70%), MD(40-70% | - | D, HH | OA, OL, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI(40-70%), MD(40-70%) |
| ૮ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) | 3 | ૧૬૨ | - | D, HH | OA, OL, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI(40-70%), MD(40-70% | - | D, HH | OA, OL, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI(40-70%), MD(40-70%) |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ઓવરશીય ૨ | 3 | 3 | B, LV | D, HH | OA, OL, CP, LC, Dw, AAV SD, SI, BL*, BA* | ASD(M), ID, SLD, MI, MD(40-70%) | B, LV | D, HH | OA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | ASD(M), ID, SLD, MI, MD(40-70%) |

(*અત્રેનાં વિભાગનાં તા.૦૯/૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ ની ઠરાવની જોગવાઇઓને આધારે)

**<u>એજન્ડા નં.૧૧</u>:-** શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકની મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી હસ્તકનાં ૦૪ સંવર્ગોમાં નવેસરથી દિવ્યાંગતા નિયત કરવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

<u>કાર્યવાહી</u>:- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકની મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી હસ્તકનાં ૦૪ સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સમાન પ્રકારનાં સંવર્ગો માટે ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ દિવ્યાંગતાને ધ્યાને લઇને નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકનાં ૦૪ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | a | b | c | d & e | a | b | c | d & e |
| ૧ | નગર નિયોજક | ૧ | ૯૫ | - | D, HH(૪૦-૭૦%) | OL, Dw, AAV | SLD, MD(40-70%) | - | D, HH | OA, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MD |
| ૨ | જુનિયર નગર નિયોજક | ૨ | ૩૦૯ | - | D, HH(૪૦-૭૦%) | OL, Dw, AAV | SLD, MD(40-70%) | - | D, HH | OA, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MD |
| 3 | પ્લાનીંગ આસીસ્ટન્ટ | 3 | ૬૩૮ | - | D, HH(૪૦-૭૦%) | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MD(40-70%) | - | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI, MD |
| ૪ | સર્વેયર | 3 | ૨૫૫ | - | D, HH(૪૦-૭૦%) | OA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MD(40-70%) | - | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI, BL*, BA* | SLD, MI, MD |

**<u>એજન્ડા નં.૧૨</u>:-** શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, રાજ્ય અગ્નિ સેવાઓની કચેરીનાં પત્રક-બ મુજબનાં ૧૨ સંવર્ગો અને પત્રક-અ મુજબનાં ૦૩ સંવર્ગો માટે દિવ્યાંગતા નિયત કરવા માટેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

**કાર્યવાહી**:- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, રાજ્ય અગ્નિ સેવાઓની કચેરીનાં પત્રક-બ મુજબનાં ૧૨ સંવર્ગો એ ફાયરની કામગીરી સાથે સંકળાયેલ સંવર્ગો છે. અલગ-અલગ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકનાં ફાયરનાં સંવર્ગો માટે અગાઉ દિવ્યાંગતા નિયત કરવામાં આવેલ હતી. ફાયર સેવા સાથે સંકળાયેલ સંવર્ગોની કામગીરીનો સમાવેશ આકસ્મિક સેવાઓમાં થતો હોય તેમજ કામગીરીમાં રહેલ જોખમ તથા દિવ્યાંગ વ્યક્તિ અને પ્રજાની જીવન સુરક્ષાના મુદ્દાને ધ્યાને લઇ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ અને રાજ્ય સરકાર હસ્તકનાં ફાયર સંવર્ગોમાં સમાન પ્રકારની દિવ્યાંગતા નિયત કરવાના હેતુસર રાજ્ય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓ હસ્તકનાં ફાયરની કામગીરી સાથે સંકળાયેલા સંવર્ગોમાં દિવ્યાંગતા નિયત કરવા સંકલિત દરખાસ્ત કરવા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને જણાવેલ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, રાજ્ય અગ્નિ સેવાઓની કચેરીનાં પત્રક-અ મુજબનાં 03 સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સમાન પ્રકારનાં સંવર્ગો માટે ભારત સરકાર દ્વારા નિયત કરેલ દિવ્યાંગતાને ધ્યાને લઇને નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકનાં 03 સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા**

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | a | b | c | d & e | a | b | c | d & e |
| ૧ | કચેરી અધિક્ષક | 3 | ૧ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, MI, MD | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI MD |
| ૨ | સિનીયર કલાર્ક | 3 | ૭ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, MI, MD | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI MD |
| 3 | કલાર્ક | 3 | ૧૦ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, MI, MD | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI MD |

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર રહેલ અધિકારીશ્રીઓનાં આભારસહ બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી.

**Code and functional classification**:- Blind (B), Low vision (LV), Deaf (D), [Hard of hearing(HH)], [Locomotor disability (LD) :- one arm (OA) , one leg (OL) , both arm (BA), one arm one leg (OAL) , both legs arms (BLA), both legs one arm (BLOA), both arms one leg (BAOL), Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim(AAV), Muscular dystrophy (MDy), Intellectual disability (ID), Specific learning disability (SLD), Mental illness (MI), [Autism Spectrum Disorder (ASD) M-Mild, MoD-Moderate], [Multiple Disabilities (MD) :- (Disabilities included in group (A) to (D) )]. Spine Deformity (SD), Spine Injury (SI).

(ડી.એસ.શર્મા)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(વી.એમ.ગોહિલ)
વહીવટી અધિકારી
નિયામક, સમાજ સુરક્ષા વતી

(ડૉ.અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણની કચેરી વતી.

(સિમરન પોપટાણી)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(વી.જે.રાજપુત)
કમિશનર
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરી

(મોહમ્મદ શાહિદ)
અગ્ર સચિવ અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# એનેક્ષ્ચર-૧

તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ ૦૩:૩૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. નાયબ સચિવશ્રી(સ.સુ.&રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
4. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષા વતી શ્રી વી.એમ.ગોહિલ, વહીવટી અધિકારી
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ

બેઠકમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, મહેસુલ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સંબધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતાં.